શ્રી

.રવાની નરેશ મહારાણા શ્રી સર રણજીતસીંહજી
મ બહાદુર મહારાજાશ્રીત કે. સી. આઈ. ઈ.

શ્રી આર્યોદય નાટક સમાજ

સ્વયંવર.

નાટકનાં ગાયનો અને ટુંકસાર.

છપાવી પ્રસિદ્ધ કરનાર

બચુભાઈ શીવપ્રસાદ.

માલેક શ્રી આર્યોદય નાટક સમાજ.

આનંદભુવન થીએટર—અમદાવાદ.

આવૃત્તિ બીજી. — પ્રત ૨૦૦૦.

વિક્રમાર્ક ૧૯૮૦ સને ૧૯૨૪.

મૂલ્ય ૪ આના.

અમદાવાદ.

શ્રી ગણેશ પ્રી. પ્રેસમાં ત્રીવેદી ઈશ્વરલાલ માણેકલાલે છાપ્યું

ઠે. પાંચકુવા રોડ, ચાર રસ્તા.

સ્વયંવર નાટકનો ટુંક સાર.

અંક ૧ લો.

(મંગળાચરણ.)

પ્રવેશ ૧ લો—કૃષ્ણ પ્રત્યે વેરભાવ દર્શાવતો શીશુપાળ, તેના મીત્ર રૂકમીનું આવવું, રૂકમીણીના સ્વયંવરનું શીશુપાળને આમંત્રણ; બંનેનું કુંડીનપુર જવું.

પ્રવેશ ૨ જો—રૂકમીણી તથા સખીયોનો હાસ્યવીનોદ, રૂકમીણીનો કૃષ્ણ પ્રત્યે અનન્ય પ્રેમ, રૂકમીનું આવવું શીશુપાળનેજ વરમાળા પરહેરાવવા કહેવું, રૂકમીણીને કૃષ્ણને સંદેશ.

પ્રવેશ ૩ જો—સત્યભામાની સખી નાગરીકા પર મોહાશક્ત થયેલ મદનસેનનું નાગરીકાની છબી લઈ આવવું, નાગરીકાનો મેળાપ, પ્રેમની માગણી, નાગરીકાનો ઈનકાર, મદનસેનની બળજોરી, શ્રીદામાનું આવવું, મદનને માર પડવો, બાદ મદનની સ્રી રતીનું આવવું, મદનની કઢંગી સ્થીતી, મદન તથા રતીનું જવું, ત્યાર બાદ શ્રીદામા તથા નાગરીકાનો શંગારીક ઝાઝવાળો હાસ્યવીનોદ, તથા કૃષ્ણ તેમજ સત્યભામાને સુવર્ણ સરોજ બાગમાં મેળવવા બંનેને સંકેત અને જવું.

પ્રવેશ ૪ થો—સંકેત પ્રમાણે કૃષ્ણને લઇ શ્રીદામાનું સુવર્ણ સરોજ બાગમાં આવવું, મણીચોર તરીકે કૃષ્ણને ઉદેશતાં, સત્યભામાનું આવવું; સત્યભામા તથા કૃષ્ણનો પ્રેમ, સત્યભામાના પીતા સત્રાજીતનું આવવું, અને સત્યભામાને લઈ ચાલ્યા જવું, તેટલામાં રૂકમીણીનો સંદેશ, પત્ર લઈ કનક માલીકાનું આવવું, પત્રની બીના

જાણી રૂકમીણીના સ્વયંવરમાં જવા કૃષ્ણનું તુરત કુંડીનપુર તરફ વીદાય થવું.

પ્રવેશ ૫ મો—કૃષ્ણ કુંડીનપુરમાં આવ્યાના સમાચાર જાણી ખુશી થતા રૂકમીણી, શીશુપાળ તથા કૃષ્ણનું આવવું યુદ્ધની તૈયારી ભીષ્મક મહારાજનું આવવું. તકરારનું સમાધાન, બધાનું જવું. રૂકમીણી તથા કનક માલીકાનું આવવું, કૃષ્ણ કુંડીનપુરમાં પધાર્યા છે, તેવા શુભ સમાચાર કનક માલીકાએ રૂકમણીને આપવા. તથા રૂકમી અને શીશુપાળ સાથે કૃષ્ણની બોલાચાલી થઇ તે વીશે પણ જાણ કરવી, રૂકમીણીની ચીન્તા અને પ્રભુ પ્રાર્થના.

પ્રવેશ ૬ ઠો—ઠાઠ માઠ કરી નાગરીકાને મળવા જવા માટે મદનસેનની તૈયારી, રતીએ મના કરવી, પરસ્પર ચકમક અને સલાહ બાદ સત્યભામાને સુવર્ણસરોજ બાગમાં કૃષ્ણદેવની મુલાકાતે લઇ ગયેલ હોવાથી સત્રાજીતે નોકરીમાંથી રજા આપેલ નાગરીકાનું શ્રીદામાપર ચીડાતા આવવું શ્રીદામાનો મેળાપ, સત્યભામાને ઘરમાં કેદ કરેલ છે તે નાગરીકાદ્વારા શ્રીદામાએ જાણવું, જોશીનો વેશ લઇ સત્યભામાને મુકત કરવાના સાધનો માટે જવું. તથા આવતી કાલે ચોકસ જગ્યાએ મળવાનો નિશ્ચય કરી બંનેનું વીદાય થવું.

પ્રવેશ ૭ મો—રૂકમણી સ્વયંવર શીશુપાળ, તથા રૂકમીની ઉધતાઇ, કૃષ્ણદેવની ગાંભીર્યતા, ક્રથકૌશીક કૃષ્ણના મીત્રની ઉદારતા, યુદ્ધની તૈયારી, રૂકમીણીના વીનવવાથી યુદ્ધ તથા સ્વયંવરનું બંધ રહેવું.

ડ્રોપ.

અંક ૨ જો

પ્રવેશ ૧ લો—રૂકમણી પોતાને ન મળવાથી તથા સ્વયંવરમાં અપમાનીત થવાથી કૃષ્ણ, ભીષ્મક, તથા રૂકમણીપર ક્રોધ કરતો શીશુપાળ રૂકમીનું શાન્તવન, તથા રૂકમીણી શીશુપાળનેજ વરાવવાનો રૂકમીનો ઠરાવ બદલામાં શીશુપાળ તરફથી મહારાજા જરાસંધના સેનાપતીપદનો મુકુટ રૂકમીને ભેટ, રૂકમીએ તે મુકુટ રૂકમીણી પાસે મોકલાવવો અને શીશુપાળ સાથે લગ્ન કરવા ફરજ પાડવી.

પ્રવેશ ૨ જો—મુગટને જોતી રૂકમીણી, કૃષ્ણદેવ પ્રત્યે પોતાનો અનન્ય પ્રેમ; ભીષ્મમહારાજનું આવવું. કૃષ્ણદેવની મહત્તા, અને શીશુપાળ તથા રૂકમીની દુષ્ટતા વીશે તેમના ઉદ્ગાર. રૂકમીનું આવવું. શીશુપાળ સાથે પરણવા માટે રૂકમીણીને દમદાટી, તથા પીતાને પોતાની વાતમાં સામેલ થવા દમ, સામેલ ન થવાથી ભીષ્મક કેદ.

પ્રવેશ ૩ જો—વૈરીને થાપ આપી નાગરીકાની મુલાકાતે નીકળેલો મદનસેન શ્રીદામાનું જોશીના વેશે સત્યભામાને કેદ કરેલા છે. તે ઓરડાની ચાવી ચોક્કસ જગ્યાએ કાયમ કરાવવી, બાદ નાગરીકાનો મેળાપ. પરસ્પર ગમ્મત, મદનસેનની મુલાકાત, તથા મદનસેનની કમબખ્તી.

પ્રવેશ ૪ થો—રૂકમીણી તથા સખીનું આવવું. કૃષ્ણદેવનું ગોવાળરૂપે આવવું. પાછળથી કૃષ્ણરૂપે પ્રત્યક્ષ થવું. રૂકમીણી હરણ.

પ્રવેશ ૫ મો—વીરહીણી સત્યભામા કૃષ્ણના વીચારમાં નાગરીકાનું આવવું, સત્યભામાને ધીરજ, સત્યભામાએ ચીતરેલી કૃષ્ણદેવની છબી લેઈ નાગરીકાનું જવું, સત્યભામાની દુઃખદ સ્થીતી.

પ્રવેશ ૬ ઠો—શ્રીદામાપર ચીડાતી ગોપી, મદનસેનનું આવવું, શ્રીદામા નાગરીકાને પરણાવવાનો છે, કહી ગોપીને વધારે ઉશ્કેરવી, બાદ શ્રીદામાનું આવવું. મદનનો ગભરાટ, પેટીનો આશ્રય, પરીણામે જાહેર થવું, મદનને માર.

પ્રવેશ ૭ મો—શ્રીકૃષ્ણ તથા રૂકમીણી દ્વારકા તરફ રવાના, સામી કેટલાક સૈનીકોસહ આક્રમણ કરશે તેવા કથકૌશીક તરફથી કૃષ્ણને સમાચાર મળવા શ્રીકૃષ્ણનું નીડરપણું ભીષ્મક મહારાજને બંદીખાનામાંથી છોડાવી દ્વારકા લઈ આવવા માટે શ્રીકૃષ્ણની કથકૌશીકને સુચના, રૂકમીનું તથા બળરામનું સૈન્યસહ આવી પહોચવું, પરસ્પર યુદ્ધ, રૂકમીનો પરાજય. રૂકમીણીના સ્નેહની ખાતર રૂકમીને શ્રીકૃષ્ણે જાનથી ન મારતા કદરૂપ બનાવી છોડી દેવો.

ડ્રોપ.

અંક ૩ જો

પ્રવેશ ૧ લો—પુત્રના હાથથી કેદ ભોગવતા દુઃખદ સ્થીતીમાં ભીમક, કથકૌશીકનું આવવું. ભીષ્મકને મુક્ત કરી બંનેનું દ્વારકા તરફ વીદાય થવું.

પ્રવેશ ૨ જો—શ્રી કૃષ્ણથી હાર પામેલા રૂકમીને કેટલાએક રાજાએનું શાન્તવન રૂકમીનો આપઘાત કરવા નીશ્ચય, શીશુપાલે તેમ

થતા અટકાવવો, અને ફરીથી મોટા બળ સાથે દ્વારીકાપર ચઢાઇ કરવાનો ઠરાવ અને વીદાય થવું.

પ્રવેશ ૩ જો—સત્યભામાના વીયોગમાં કામથી પીડીત થતા કૃષ્ણ શ્રીદામાનું સત્યભામાના સમાચાર તથા શ્રીકૃષ્ણની સત્યભામાની ચીતરેલી છબી લઇ આવવું. તેટલામાં રૂકમણીનું આવવું, હાસ્યવીનોદ રૂકમણી પાસે શ્રીદામા દ્વારા સત્યભામાના પ્રેમ સંબંધી ખુલાસો, રૂકમણીનું પ્રસન્ન થવું. બધાનું જવું.

પ્રવેશ ૪ થો—મદનના વર્તનથી કંટાળી ગયેલી સ્ત્રી પોતાના પીતાને ત્યાં જવાની તૈયારીમાં શ્રીદામાની સ્ત્રી ગોપીનું આવવું. અને રતીને ધીરજ, નાગરીકા શ્રીદામાની સાસેજ પરણનાર છે, તેવો ખુલાસો નાગરીકાના પ્રેમમાં પાછા પડેલ મદનનું આવવું, ગોપીદ્વારા મદનની કસોટી, રતીની ખાત્રી થવી. રતી તથા મદનનો સુખ સંસાર.

પ્રવેશ ૫ મો—સત્યભામાને મળવા માટે શ્રીકૃષ્ણનું શ્રીદામા સાથે આવવું, તેમજ સત્યભામા તથા નાગરીકાનું આવવું, શૃંગારીક વીનોદ બાદ નારદનું આવવું. શ્રીકૃષ્ણ તથા સત્યભાના તથા નાગરીકાના અને શ્રીદામાના લગ્ન, શત્રાજીત, ચારૂમતી, ભીષ્મક, રૂકમીણીનું આવવું, ભીષ્મકના હાથે તથા શત્રાજીતના, હાથે કૃષ્ણને કન્યાદાન રૂકમી તથા શીશુપાળનું સૈન્યસહ ચડી આવવું, પરસ્પર યુદ્ધ, રૂકમી શીશુપાળનો પરાજય રૂકમીણીના વીનવવાથી તેઓને જીવતદાન.

ૐ શાંતી. શાંતી. શાંતી.

સ્વયંવર નાટકના પાત્રો.

પુરૂષ પાત્રો.

શ્રીકૃષ્ણ........દ્વારીકાધીશ દીવ્યનાયક
ભીષ્મક........કદીનપુરના મહારાજ, રૂકમીણીના પીતા
શિશુપાળ......રૂકમણી સાથે લગ્ન કરવાનો ઉમેદવાર જરાસંઘનો સેનાપતિ.
રૂકમીયો.......ભીષ્મકનો પુત્ર, રૂકમણીનો ભાઇ
કુથકૌશીક......શ્રી કૃષ્ણનો પરમ મીત્ર
સત્રાજીત.......સત્યભામાનો પીતા યાદવ
શ્રીદામા.........ગોવાળ, કૃષ્ણનો બાળમીત્ર
મદનસેન.......દેવસેન યાદવનો પુત્ર, રતીનો પતી નારદ, દરબારી દ્વારપાલ સેવક વીગેરે

સ્ત્રી પાત્રો

રૂકમીણી......રાજા ભીષ્મકની પુત્રી, કૃષ્ણ પત્ની
સત્યભામા.....સત્રાજીત યાદવની પુત્રી કૃષ્ણની પત્ની
નાગરિકે.......સત્યભામાની સખી શ્રીદામાની સ્ત્રી
ગોપી..........શ્રીદામાની માતા
રતિ............મદનસેનની સ્ત્રી
કનકમાલિકા....રૂકમણીની સખી

દાસ, દાસીઓ, વારાંગનાઓ વિગેરે.

સ્વયંવર નાટકનાં ગાયનો.

મંગળાચરણ

સુત્રધાર—

શ્રી રાધાવર સ્યામ વંદુ પ્રભુ
પ્રીયનાં આલીંગને અંકીત જેના
ચંદન લીપ્ત શુભ ગાત્ર........વંદુ૦
ચંદ્રથી અંબર વન ભુમી સુન્દર
વૃક્ષ ઘટા ઘન
રજની પરમ રમ્ય પ્રકાશ
યમુના તટીની કુંજવાસ રાધા માધવ વન વિલાસ
સુરત જનીત સ્વદેહાર સહીત શોભીત હ્રુદય ભાવ
સફળ કરો સફળ મનોકામ........વંદુ૦

બાળાઓ— ૧

ગાઓ રાધાવર શ્યામ ગોપીજન મન વીશ્રામ
યોગીજન મન આરામ આહા
ગોપી મન માન સરસ રસીયા રસરાજરે
યોગી મન માન સરસ વસીયા હંસરાજ એ
મધુર મોરલીના ગાને હા હાં

ઘેલી કીધી વૃજ વામ હા હા

નંદના નંદન જગદા નંદન વંદન ચરણમાં....ગાઓ૦

રૂકમીણી–સખીઓ—

મીઠી મીઠી બહાર આલી રૂતુરાજની સોહાએ
ફુલ બકુલ અમુલ્ય ખોલ્યાં ગુલ રંગ એ રંગ ઝુલે. મીઠી૦
મધુર પરીમલ બહેકી રહ્યાં રસરાજની આજુ ફરે
મંજુલ કુંજન પક્ષ ગણોનાં મધુકર ગુંજ કરે....મીઠી૦
મયુર મયુરી નાચી રહ્યાં સખી નવ નવ ગેલ કરે
વિશ્વ નિયંતાની બલીહારી ચીત આનંદ ભરે....મીઠી૦

રૂકમીણી— ૩

સુંદરવર શ્યામ શરીર એ મોહન મુરતી મનોહારી
નવિન નવિન સુંન્દરતા ભરી જ્યાં
નીરખી નયન અમૃત રસ પીતાં,
તૃશીત ચક્ષુ રહી મારી
જ્યાં જ્યાં દ્રષ્ટી ફરતી મારી ત્યાં રાધાવર કુંજબીહારી
મુરલી અધરપર ધારી—
ગગન સુદ્રશ ધન શ્યામ સુંન્દર એ સકળ બ્રહ્માંડ
વિષે ભરપુર એ
મુજ મન રજની વીહારી, શ્રી કૃષ્ણચંદ્ર છબી ન્યારી–સુંદર

રૂકમીણી— ૪

ચીત ચોર એ નંદકીશોર કને કહેજે સજણી કરૂણા કરજો
નથી કાગળ આપણું લેખ વિધિ નથી અક્ષર અક્ષર પ્રેમ નિધિ

૧૧૩૮૯

તેમાં સ્નેહની શ્યાહી મેં પુરી દીધી વાંચીને દીનાનાથ દુખ હરજો
સોંપ્યું મેં તન મન પ્રિયતમ તમને દરકાર બીજાની ન લેશ મને
દીલ નાવડું આપ મુકાની કને હવે આપજ હાથ હરી ધરજો-

સખી—

અધીરા સખી એ ગીરધારી તને મળશે હૃષીકેશ મુરારી તને
સખી સીંચશે સ્નેહનું વારી તને વર વલ્લભ એ વ્હાલથી વરજો

નાગરીકા— ૫

જેને જોબન (૨) નું જોર
તેના ચીતડામાં ચોર કોરે કાળજડાની કોર
રસ સાગરમાં નાચ નચાવે લોચનમાં રસ ઓરજ આવે
અંગને નવિન ઓપ ચઢાવે એકજ વાત એ ધ્યાનમાં આવે
નાવલીયો આવી નેહથી બાંધે દીલડાં કેરો દોર-જેને૦

નાગરીકા— ૬

રત્ન કુંન્દનનો યોગ હંસ પક્ષીની સંયોગ
એજ વર વધુનો યોગ્ય વસુદેવ નંદ એ
સોનુ ન મળે સુગંધ એથી શો ભલો સબંધ
ખીલશે કુમુદ ભોળી જોઈ કૃષ્ણચંદ્રને

શ્રીદામા—

સ્નેહે સમજાવી શ્રી ગોપાળને બોલાવી લાવું
ભામાથી ભેટાડુ મારા ભાઈબંધને
વૃક્ષ વેલી મેળવીને કેળવી ગોવાળ કળા
વરાવું કુંવારી કન્યા નંદ નંદને

શ્રીકૃષ્ણ— ૭

રેન દીન મુજ તન મન બળતાં
ફીટ ચોરી શીર પર ચડતાં........રૈન૦
ચોર મણીનો સઘ શોધીને
જગને જણવું નિજ નિર્મળતા
પરમ ધરમ એ નિશ્ચય પાળુ
પણ ન તજી તન આ પરહરતાં....રૈન૦

સત્યભામા— ૮

મણીના ચોર એ મુરારીરે નટવર ગીરધારી
રમણી મણી રાધા મુખ ચંદ્ર ચકોર
નવલ યુવતીના નવલ યુવામણી ચોર નંદ કીશોર
નવ નીતના રમણી અધર રસના રસીયા
નંદકીશોર રમણી—
જળરે જુમનામાં અમે જળ ક્રીડા કરતાં બાઈ
ડાકોર આવ્યા તે ઠાર (૨)
હરી વસ્ત્ર બેઠો વટના વૃક્ષરે કપટી કાનુડો
રમણી મણી રાધા મુખ ચંદ્ર ચકોર
સંધ્યા સમય જળ જમુના હું ભરવા ગઈતી
જબરૂ કીધુ ત્યાં જોર (૨)
માટને ફોડી નીર ઢોળી બતાવ્યો તોર
રમણી મણી રાધા મુખચંદ્ર ચકોર

સત્યભામા— ૯

હટો જાઓ ઠગારા નઠારારે નંદલાલ
છોડો મને ના સતાવો

શ્રીકૃષ્ણ—

આપો આપો રસીકા રૂપાળાં રે સ્નેહ દાન
આવો રામા ના રીસાઓ
મુકોને માનુની માન મળી જોડી સુંદરને સોહામણી

સત્યભામા—

માયાની દ્રષ્ટીથી બાંધો ન મોહન
દુર રહો કાળા કાન હાય માર્યા કારી બાણ....હટો૦

શ્રીકૃષ્ણ—

રે રમણી પ્રાણ તન મન મે અરપ્યાં અંતરથી
આવો પ્રીયકર પ્યારી મનહર નહી શરમાઓ
પ્રીતી નીધાન...હાય માર્યા

કનકમાલીકા— ૧૦

અખીલ વિશ્વના સ્રષ્ટી પાલન કર્તા કૃષ્ણ કૃપાળ
કેશવ કર્તા કૃષ્ણ કૃપાલ
ધર્મ ઉદ્ધારણ કારણ પ્રગટ્યા આપજ દીન દયાળ
નટવર આપજ દીન દયાલ
આપ ચરણમાં કરે પ્રાર્થના કુંદિન નૃપની બાળ

રાજહંસી કુંવરી હૃદયથી માનસવાસી મરાલ
કદી હંસણી કરશે વાયસ શીશુપાળ વીકરાળ
પ્રાણ તજીશ તેથી ઉદ્ધારી લેજો હરી સંભાળ

રૂક્ષમણી— ૧૧

ડુબતી નાવ છે અમારી મુરારી લેજો તારી તમે
આત્મ સખા અંતરની સમજો આપ રદય વીહારી
આપ શરણ વીણ ભવસાગરમાં કોણ ગતી છે મારી.
પોતે દીનાનાથ અને હું અબળા દીન દુઃખીયારી.
આપ ચરણ આશ્રય વીના મારી લાજ રેવી છે ભારી. ડુબતી

રતી— ૧૨

મુખડાના મીઠા છો ઠગારારે. અંતરના ખારા—
જાણ્યા મેં પુરા ધુતારા.
હાલીમ વાલી જેવા મનલળીયા મીત્ર મળ્યા છે
સંસાર સુખથી વ્હાલા અમને અળગા કર્યા છે
„ મનારા તમથી શું પડયા છે રે.......અંતર.
અમે છોને ઝુરી મરીયે તમને તેની શી પરવા
ઉપરથી જુઠી પ્રીતી રાખો અમને છેતરવા
જાણ્યા સતાવો શું કરવારે.......અંતર

નાગરિકા ૧૩

વાજ્યું ગોવાળીયે વેર પીટયાએ વાવ્યાં જ્યાં ત્યાં ઝેર
રડયાએ કરી મને જેર સખી વીના ગુનાએજે
આશા અંતરની એક હતી–શ્યાને સખી પરણાવવી હતી
પાટ સખી હું તો થતી આાખી મેળવતાં
અરધી ખોઈ બાઈ બેઠી મારે ભેર

(ભાષણ) બાઇને બાગમાં લાવવા માટે મને કે ભંભેર
પાઘડી બળ્યાના પ્રપંચમાં બાઈ નવનુ થશુ તેર
ઉછેદીયો મનનો ઉંડો–મારો રાચો બહુજ ભુંડો
હત તને બેસવું પડે વેર.

સખીયો— ૧૪

ધરી વરમાળા હે નૃપ બાળા મંડપ મહી પધારશો
પ્રસન્ન મનથી ચંદ્ર વદનથી સ્વયંવર મંડપને શોભાવશો
મંગળ ચરણે કોણ નૃપ વરના મંગળ મહેલ દીપાવશો
ભાગ્યશાળી કો ભૂપતીકેરા વંશના વૃક્ષને વીસ્તારશો.

ડ્રાપ.

અંક ૨ જો.

રૂકમણી— ૧૫

મુકુટથી એ કૃષ્ણ પદ રજ છે અમુલ્ય
અવશ્ય સકળ દુઃખ મુળ
શોભા સાગર નટવર નાગર નહીં કોઇ એની તુલ્ય
સહજ કીરણ રવી રાજ પ્રકાશે ત્યાં તારાનું શું મુલ્ય

ઓદામો— ૧૬

ચાલ્યું પોલંપોલ જગતમાં ચાલ્યું પોલંપોલ
કોઇ કરે નહીં તોલ જગતમાં ચાલ્યું પોલંપોલ
વહેમી ભોળા ને વિશ્વાસુ વળી પુરૂષાર્થ હીન
જોશી વચન પરશ્રદ્ધા રાખી થયા વતનથી હીન
કંઇક સદા વહેપારે વળગ્યા જોશી વચન ગણી સત્ય
ભાગ્ય દશા માંહી સમજી કંઇ ખાઓ ઘરના ગ્રંથ

રૂકતીની— ૧૭

પપૈયારે પીયુનો કહે કંઈ સંદેશ
તુજ સમ સ્વર એ મોહન વરનો લલિત ત્રીભંગી વેશ
મોર મુકટ મકરા કૃત કુંન્ડલ પીત વસન મૃદુ કેશ
કોટીક ચંદ્ર વ્રજ ચંદ્રના આગળ થાઓ સદા ક્ષીણ તેજ

રૂકમીણી— ૧૮

યમુના તણા કીનારે ગોપાળ ગૌ ચરાવે
સંગીત સ્વર ઇશારે રાધા નીકટ બુલાવે
બંસી ધ્વની સુણીને શુદ્ધ દેહની ભુલીને
નીકળી ઘરથી રાધા ગોપાળ સાથ આવે
યમુના સરીત કુંજે શૈયા કમળ બીછાવી
શ્રીકૃષ્ણ કર કમળથી રાધા ચરણ દબાવે

રૂક્ષમીણી— ૧૯

ગ્વાલન હું રાધા ગોરી ગોપાળ બન્યા ગવરી રે
જે વિશ્વના નિયંતા અજએ રૂપ ધર્તા
ભક્ત પ્રેમ વશ પરમેશ્વર બન્યા મારા માર્ગ દર્શી
શુભ પ્રેમ પંથ બતાવો ભવ ભય હવે મીટાવો
મુજ અંધના નયન ઇશ્વિર હૃદય લગાવો હરશી.

સત્યભામા— ૨૦

તમારા વીરહમાં વ્હાલા મને વૈભવ અકારો છે
સુકોમળ સર્વ અંગોમાં રહ્યા છો આપ અવિનાશી
ભુલો શું દર્શ પ્યાસીને ગુનો તો શો અમારો છે

હૃદયની પાંખડી ઉઘડી સુધાનાં વહી રહયાં ઝરણાં
વૃથા તે આપ વીણ સઘળું ઉગરવા ન કોઈ આરો છે
વિયોગે આ શરીર બાળી બની છું ભસ્મ વનમાળી
ધ્વની તે ભસ્મથી નીકળે તુંહી તુંહી જ પ્યારો છે.

શ્રીદામો-ગોપી-મદન—૨૧

હાય તને જોતાં કંઇ કંઇ થાય છે
શું કરોછો હાય
જુઓ ભાઇ પ્રપંચી આમ પીટાય છે
શું કરોછો હાય એને વાગી જશે
અરે ચુપ રાંડ ચુપ (એને માફ કરો)
પ્રેમી પંખીડુ પુરૂ પીંખાય છે (૨) જી જી જી
લાકડીથી ચામડુ ચીરાય છે.
આમનો લાકડીથી ચામડુ ચીરાય છે
તમે શું કરોછો હાય એને વાગી જશે
તને ખાય ખોડીયાર પડે મેંલડીનો માર
સાથે જોગણીયો ચાર
મને મારી નાખ્યો (૨) હવે ભાગ જીવ ભાગ.

રૂકમીણી— ૨૨

હર્ષ આજ હૃદય ભારી જોઈ સમીપ શ્રી ગીરધારી
રજ પુષ્પ સુગંધની ગંધ વહે ચહેછે સરીતા પગ સાગરનો
વળી કોકીલ ગાન સુણાવી વદે મહીમા સુખ નટ નાગરનો
તરૂપલ્લવ ભુમી સમીર હસે હસતાં નીરખું નદીનાં ઝરણો
તૃણ અંકુર હર્ષે અતી ધરતાં રજની નીરખી હરીનાં ચરણો

ડ્રોપ.

અંક ૩ જો.

શ્રીકૃષ્ણ— ૨૩

અહો હૃદયમણી તુજ વીરહે બની સ્થીતી અતી
દુ:ખદાયી દેહદાયી—
શ્યામ કમળ સમ ગાત્ર સકળ મારા
કામ વીરહે થયા શ્વેત હો પ્રીય વામાં
તૃષીત ચાતક રહે નીત્ય તુજ પ્રીતી વારી

રૂકમીણી-શ્રીકૃષ્ણ— ૨૪

જાઓ જાઓરે કનાઈ કરો આમ શું ઠગાઈ
બોલો બોલોને બીહારી ગયા કેવા સપડાઈ. જાઓ.
તાત ભ્રાત પરીજન સહુ ત્યાગી નટવર તમપર
હરદમ રાગી
નટવર તહપી રાખ્યા પરથી અમથી કરો જુદાઈ—જાઓ.

શ્રીકૃષ્ણ—

માફ માફકર પ્રીય વ..રા નીશદીન સુખકર દર્શન તારાં
મન વચને કરમે તમથી રમણી રહ્યા રંગાઈ.—જાઓ.

રૂકમીણી—

શ્યામ સ્નેહ સગપણ તમ જોયાં જગ જન મનછે મીથ્યા મોહ્યાં
હરજી અરજી હૈયે ધરશો કૃપા સદાઇ—જાઓ.

મદન રતી— ૨૫

રતી સુંદરી સુજાણ હશે તુજ રદય લ્હાણ
રસીક રમણી મન હારી પ્રેમ પ્રાણ છે.

રતી—

નાથ રાખો નીત નેહ મેહ અમીના વરસાવનારા વ્હાલા
ભવ સીંધુનુ વ્હાણ છે.

મદન—

ધારી પત્ની વ્રત ટેક કરી દીલડાંને એક

રતી—

નેક અંતરથી આપને રીઝાવશું

મદન—

આવ્યો ઠેકાણે હારી હવેથી તું એક પ્યારી

રતી—

સંગે સંસારને શોભાવશું

સત્યભામા— ૨૬

સુકોને હાથ હે મુરારી રે હું રાજ કુવારી

કૃષ્ણ—

શાને શરમાએ પ્રીય મારીરે જોબન મતવારી લલના છે
નવલ દુલારી

સત્યભામા—

ભાળી ભોળી હું બાળા કાંઇ નવ જાણું કૃષ્ણ
સારી નહી ટેવ આ તમારીરે વીઠલ વનમાળી

નાગરીકા—

શુભ આ ચોઘડીયું સારૂ સાધન સરવે સુખકારી
લગ્ને કુંવારા કુંજ વીહારીરે આ તક છે સારી
મહેનત સફળ થાય અમારી

ધા–   ૨૭

શ્રી મનહર આજે શોભા છે મન લોભાય
શ્યામે સ્નેહે વર્યાં રાજવર સુતા
યાદવ કુમારી આ સત્ય ભામા સુભગા
જય વરદા સુખદા.

શાન્તિઃ   શાન્તિઃ   શાન્તિઃ

